૨૧૦૦

૨૧૦૦

આપણે આપણા ફેફસામાંથી જે વાયુ બહાર કાઢીએ છીએ તે ઘાતક અથવા કાર્બનીક એસીડ વાયુ કહેવાય અને તે ઓકસીજન (પ્રાણ વાયુ અથવા જે વાયુ આપણે હવામા છીએ તો તે બે અસલ તત્વોના બનેલો છે. હવે રસાયણ એ નિયમ છે. કે જ્યારે કોઇ બે અથવા વધારે તત્વોની બ[ને]લ પદાર્થનુ પૃથક્કરણ થાય છે ત્યારે તેને વાસ્તે ઉષ્ણતાની તે વગર પૃથક્કરણ થાય નહી, ત્યારે ઝાડ જે કાર્બોનીક વાયુ લઇ તેમાંથી કાર્બન રાખી ઓકસીજન હવાને પાછો આ કાર્બોનીક એસીડના પૃથક્કરણને લીધે છે. આ પૃથક્કરણને [જો]તી ગરમી સૂર્યની ગરમીમાંથી મળેછે. તેમજ ઝાડ પોતાનો [ખો]રાક મુળ વાટે લેછે તે સઘળો પ્રવાહી રૂપમાં લેછે, એટલે કે [પા]ણી ની સાથે ઓગળી ગયેલો ખોરાકજ મુળ વાટે ચઢી શકે છે; તે સઘળો પાંદડાં સુધી જાયછે અને તેમાંથી વધારાનું પાણી વરાળ રૂપે હવામાં જાયછે. હવે પાણીને વરાળ રૂપમાં લાવતાં ઘણી ગરમીની જ[રૂ]ર છે. એક શેર વરાળમાં એટલી છુપી ગરમી રહેછે કે તેથી [આપ]ણે સવાપાંચશેર પાણી ઉકળે ત્યાં સુધી ઉનુ કરી શકીએ. ત્યારે પાંદડાંમાંનું પાણી વરાળ રૂપમાં આવતાં સૂર્યની ગરમી લેછે. આ ઉપરથી સ્પષ્ટ માલુમ પડશે કે ઝાડ મોટું થતાં ઘણી ગરમી[લે] છે. અને તેથીજ જંગલોની પાંદડાં પરની સપાટી હમેશાં થંડી રહેછે. આ વાત આટલેથી રાખી હવે આપણે વરસાદ શીરીતે આવેછે તે વિશે વિચાર કરીએ. એટલે સમજાશે કે વરસાદ લાવવામાં ઝાડી એ એક મોટું સાધન છે. ઉનાળાની આખરમા મુંબાઇ ઇલાકામાં નૈરૃત્ય કોણ તરફથી ગરમ વાયુ પોતાની સાથે દરીઆમાંથી વરાળ લઇને પુષ્કળ આવે છે. મદ્રાસ ઇલાકામાં અગ્ની કોણ તરફથી આવે છે. આ વાયુ જ્યારે થંડી હવાના સંબંધમાં આવે છે. ત્યારે તેમાંની વરાળ પાણી રૂપે જમીનપર પડેછે અને તેનેજ આપણે વરસાદ નામ આપીએ છીએ આસપાસના પ્રદેશ કરતાં જંગલની હવા વધારે ઠંડી હોય છે. અને તેથી ગરમ પવન સાથે આવતી વરાળ પાણીરૂપે ત્યાં જથાબંધ પડેછે.

નેજ જ્યાં જંગલ હોય છે ત્યાં વરસાદ વધારે પડેછે । ખ-
મેરશું તો કોકણ કરતાં ગુજરાતમાં વરસાદ ઓછો હોય
ગુજરાત કરતા કાઠીઆવાડમાં વરસાદ ઓછો હોયછે.

રનો વિશય વાંચ્યાથી કોઇના મનને પ્રશ્ન ઉઠકે સપાટ દેશ
ો પર વધારે વરસાદ હોયછે તેનુ કારણ શું? તો તે નીચે
સમજાવુ છું.

કરતાં પૃથ્વી વ્હેલી ગરમ થાય છે પણ જેમ તે વ્હેલી ગ-
છે તેમ થંડી પણ વેહેલી થાય છે. પર્વતોનાં શીખર તેની
ાસની હવા કરતાં વ્હેલાં થંડાં થાયછે. વળી સપાટ દેશ ક-
ર્વતો વાદળાંથી નજીક વધારે હોય છે તેથી સપાટ દેશ તરફ ન
જ ાં વાદળાં પર્વતો તરફ જાય છે અને તેથી કરીનેજ આપણે સાંજ
ને પહોર પર્વતોનાં શીખર વાદળાંથી ઘેરાયલાં જોઇએ છીએ. પણ જ્યાં
સુધી વાદળાંની વરાળને જોઇતી થંડક મળતી નથી ત્યાં સુધી તે પા
રૂપે પડતી નથી. તેથી શીખરો પાસે વાદળાં આવ્યા પછી જો થો
પણ વરાળ પાણી રૂપે પડે છે તો પછી પડેલા પાણીનીજ થંડક
બીજી વરાળને પાણી રૂપમાં પડવાને મદદ રૂપ થઇ પડેછે અને તેથી
વરસાદની હેલી શરૂ થાયછે. પણ યાદ રાખવાની મુખ્ય બાબત એટ-
લીજ છે કે જો તે પર્વતોપર ઝાડી હોયતો વરસાદને પડવાને વધારે
મદદ મળે છે. આથી સમજાસે કે દક્ષીણ તરફના ડુંગરો જેમાંના
કેટલાક ઝાડી વગરના બોડા હોય છે તે જો ઝાડીથી ભરપુર હોયતો
ત્યાં વરસાદ વધારે પડે અને આબાદાની વધારે રહે. કાઠીઆવાડના
દેશી રાજાઓ જો આ વાત ધ્યાનમાં લઇ પોતાના રાજ્યમાં ઝાડો
વવરાવશે તો તે પોતાના દેશમાંથી દુકાળને દુર કરી બરોબર થશે. જં-
ગલોથી થતા ફાયદા ઘણા છે પણ મારો વિષય ફકત જંગલનો વર
સાદપર અસર એટલોજ હોવાથી વિશેષ લખતો નથી.

ઝાડથી થતા બીજા ફાયદા.

ગયા અંકમાં મેં જંગલની વરસાદ પર થતી અસ તેના નાશથી દેશને થતી હાની ટુંકાણમાં જણાવી આપીછે. બત કેટલાક વિદ્વાનોને માલુમ હોવા છતાં સરકારની ધ્યા- ણના દુકાળના વખતમાં સારી રીતે ઉતરી. [બાકી રહેલા જ નાશ થશે તો તેથી પણ વધારે નુકશાન થશે માટે તે ન થવ અને નવાં જંગલ બનાવવાને પ્રયત્ન કરવો અને તેકામને લાયક માણસો તૈયાર કરવાને પુના સીવીલ એન્જીનીઅરીંગ જના સંબંધમાં એક ફોરેસ્ટ કલાસ સ્થાપી આ કલાસ સારો પર કેમ નથી આવતી એ વિશે બોલવુ આગળ ઉપર રાખી અ ણે મુખ્ય વિશય ઉપર ઉતરીએ.

ઝાડની જમીન પર અસર ચોમાસામાં આપણે જુનાં ઘરની ભીંતો જોઇશું તો માલુમ પડશે કે તે ભીંતો એક લીલા અસ્તરથી ઢંકાઇ ગઇ હોય છે ચુનાથી છોએલી ભીંતો પર પણ એવી લીલી છારી વળેલી હોયછે એ કાઢી નાખવાને વરસો વરસ જો આપણે ચુનાથી તેને ધોળી નાખવાની સંભાળ ન લઇએ તો તે પડ વધેછે અને તેમાંથી પીપળા વિગરે સેહેલાઇથી ઉગનારાં ઝાડ મુળ ઘાલેછે અને જતે દહાડે ઘરને નુકશાન કરતા થઇ પડે છે એ લીલી છારી તે પણ નીચા વર્ગની વનસ્પતી છે. તે પોતાનાં નાજુક મુળ ધીમે ધીમે ભીતમાં ફેલાવી તેમાંથી પોતાના ખોરાક લે છે, ચોમાસા પછી કોરા દીવસોમાં તે સુકાઇ જાય છે, અને ભીંતપર એક કાળુ પડ બંધાય છે તેને હુમસ કરીને કહે છે, તેમાં સેન્ટીય (ઓર્ગેનીક) પદાર્થ આવેલો હોય છે. કપાસને લાયક જમીનની કાળાશ પણ એ પદાર્થને લીધે હોય છે. ઉપર જણાવ્યા પ્રમાણે જેમ ભીંત ખવાઇ જઇ ભુકાના રૂપમાં આવે છે તેવોજ બનાવ પર્વતોના ખડકો પર થાય છે અને નીચા વર્ગની વનસ્પતી જેમ ભીંતોમાં પોતાનાં મુળ ફેલાવે છે તેમ પથરમાં પણ ફેલાવેછે અને તેને પણ ભુકાના રૂપમાં લાગે છે, સખતમાં સખત પથરોમાંથી પણ વનસ્પતી એ રીતે પોતાનો ખોરાક લેવાને શકિતમાન થાય છે. ત્યાર પછી બાવળ વીગેરે ઝાડ જેનાં મુળ સીધાં અને ઉંડાં જાય તેવાં હોય છે. તેઓ

ણે ઠીક કામે લાગે છે. શરૂઆતમાં ઝાડ ઊછેરવાને વાસ્તે
ના નડે પણ તેઓ વચ્ચે આવે છે એટલે તેઓની સંભાળ
નથી પડતી. જે પ્રાંતોમાં જમીન પથરાળી હોયછે. અથવા
પડ પાતળું હોઇ થોડી ઉંડાઇએ પથરની જમીન આવે
ઝાડ ઉછેરી જંગલ બનાવે તો તેથી દેશને લાભ ઘણો થાય.
રસો વરસ મટોડાના ભાગમાં વધારો કરશે અને ખેડવાને
જમીન લાયક થસે. મજબુત અને ભારે હળથી પણ જે જ-
પથરને લીધે ઊંડી ખેડાઇ શકતી ન હોય તે જમીનનું દળ વ-
ને ઝાડ ઉછેરવાં એ ઊત્તમ માર્ગ છે ગોંડલ પ્રદર્શનને વાસ્તે
આવાડમાં મારૂ પ્રથમ પ્રયાણ હતું. વઢવાણ આગળનો પ્રદેશ
ઝાડ વગરનું રણ મારી નજરે આવ્યાં. ખેતી કરવાની ઇચ્છા રા-
ખનાર ખેડુતના મનપરની આશાનુ વાદળ ફેલાવાને દેશનો દેખાવજ
બસ છે. ત્યાંથી ધોળા અને ધોળેથી જેતપુર સુધીનો ભાગ પણ લ-
ગભગ એવોજ હતો. ભાવનગર તથા જુનાગઢ સ્વસ્થાનમાં મારી ન-
જરે લીલોતરી આવી. કાઠીઆવાડના બીજા ભાગો સારા દેખાવના
હશે. પણ જે ભાગ મારા જોવામાં આવ્યો છે તેનોજ દાખલો લઉં
તો તે જમીનમાં મટોડીનું દળ પાતળું છે કેટલેક ઠેકાણે તો પથર
જમીનની સપાટી પર આવ્યા છે અને કેટયેક ઠેકાણે તે હળ છથી
બાર ઇંચ સુધી ઉંડુ છે. ઝાડ ફકત નદી કીનારેજ કોઇ ઠેકાણે મા
લુમ પડેછે અને આવી જમીનમાં ઘણે ખરે ઠેકાણે કપાસ તથા મધ્ય
મ વર્ગના ઘઊં થાયછે. ગામ તથા શેહેરોની પડોશમાં મટોડીનુ દળ
કોઇ ઠેકાણે વધારે જાડુ હોયછે. આવી જમીનને સર્વ પાકને લાયક
લીલોતરીથી ભરપુર અને મુસાફરોને આનંદ દાયક કરવી હોયતો નવાં
ઝાડ વવરાવી જંગલો બનાવવા સીવાય બીજો રસ્તો નથી. આથી જ-
મીન ધીમે પણ હમેશ વાસ્તે સુધરશે. એ તરફના ખેડુતો એકાદ વ
ખત ખેડ કરી કપાસ ઓરી તે થયે તેની સંભાળ લેછે તેથી કોઇ
તેમને આગળ શું કહેશે. એ જમીનને ઝડપથી સુધારી શ-
કાય એમ નથી. પણ તેઓને એ શીવાય બીજો ઊપાય નથી.
કાઠીઆવાડના રાજાઓ જો એ વાત ધ્યાનમાં લઇ પોતાના રાજ્યમાં
ઝાડ વવરાવે, ઝાડ ઊછેરવાને વાસ્તે ઇનામો ઠરાવે, અને તેમના કા-

મદારે બીજી ખટપટો એક કોરે મેલી જમીન સુધારવાનો
પકડે તો કાઠીઆવાડ વરસાદની હેલી તથા ફળદ્રુપતાનુ સ્થ
ખેડુતોને પોતાના ખેતરની હદપર ઝાડ વવરાવવાની ફરજ
કે લાલચ બતાવવી, અને રાજાઓએ પોતાના કામદારોને
ખેડુતોને ઉપદેશ કરવાને ફરમાવવું જોઇએ. જે ગામનો પોલ
કે તાલુકાનો વહીવટદાર આવા કામમાં મન ઘાલે તેમને પણ
મહેનતનો બદલો મળવો જોઇએ. પોલીટીકલ ઓફીસરોએ પ
વાત ધ્યાનપર લેવી જોઇએ. ઝાડનો વધારો તે જમીન તથા
નો વધારો અને વરસાદનો વધારો તે આબાદાનીનું મુળ સમજ

ઝાડોની નવાણપર અસર પર્વતોપર ચોમાસામાં પડેલું વર
દનું પાણી ધીમે ધીમે પ્રવાહના રૂપમાં નીચા પ્રદેશમાં આવી દરી-
આને મળેછે. આ રીતના પ્રવાહને વેહેળો, વેહેંળીઉ, નદી કે નદ
તેના પ્રમાણપર આધાર રાખી નામ આપીએ છીએ. આસપાસ ઉં-
ચા પર્વતો હોય ને પાણી બાહાર જઇ ન શકે અને એક મોટા સ-
મુદાયક ભરાઇ રહે તો તેને સરોવર કહીએ છીએ. શેહેર, ગામ કે
ખેતરોનું પાણી એક મોટા ખાડામાં ભરાઇ રહે તો તેને તળાવ ક-
હીએ છીએ. આવી રીતનાં સ્વાભાવીક કે કરત્રીમ નવાણો માણસ
ના ઉપયોગમાં જુદી જુદી રીતે આવી શકે છે માટે તે એકદમ ખુ-
ટી ન જાય તેમ કરવું જોઇએ. ને પર્વતોપર ઝાડ નથી હોતાં તે
પર્વતપર વરસાદ થોડો પડે છે. અને પડેલો વરસાદ પણ એક દમ
નીચેના પ્રદેશમાં આવે છે તેથી પ્રવાહ ઘણો જબરો થાય છે અને
તેજ નદીમાં આવતા પુરનુ કારણ થાય છે. આથી કીનારાનાં ગામ
ડાં તણાઇ જઇ ઘણું નુકશાન થાય છે તથા જે મીષ્ટ પાણીની
આપણે ખેતી વીગરે કામમાં ગણી જરૂર તે તેજ ખેતીનો નાશ ક-
રતું સમુદ્રમાં જતું રહેછે. અને આપણે તેનો કંઇ ફાયદો નથી લઇ
શકતા. જો તેજ પર્વતો ઝાડથી ભરપુર હોય તો ત્યા વરસાદ ઘણો
પડે છે તથા પડેલા પાણીને નીચે આવતાં આવતાં વાર લાગે છે.
ઝાડ વાળી જમીન પોચી હોવાથી કેટલું પાણી જમીનમાં જાય છે

કીનુ અથડાતું કુટાતું નીચેની ખીણમાં આવે છે. ખીણમાં ઉપર ઝાડનો છાયો આવવાથી તે વરાળ રૂપે ઉડી જવા નથી અને પ્રવાહ ધીમો થઇ લાંબો વખત ચાલે છે. આવા થતી નદીઓ સુકાવા પામતી નથી. ખેડુતો તે પાણીનો ઉ- જોઇતી રીતે કરી શકે છે અને તેમાંથી નેરો બાંધી દુરનાં ને પાઇ શકે છે. સરોવરોનું પાણી જલદી વરાળ રૂપે ઉડી શકતું નથી અને નાના તળાવોપર પણ તેવીજ અસર થાયછે રીતે કહીએ તો બોડા ડુંગરો પર પડેલો વરસાદ તે એક ઉ માણસના હાથમાં આવ્યા બરોબર છે અને ઝાડીવાળા ડુંગરો પર પડેલો વરસાદ તે એક વીવેકીના હાથમાં ખજાનો છે જે ફકત કામ આવ્યેજ જોઇતી રીતે વપરાય છે.

ઝાડોની પાક ઉપર. અસર એ વાત ખરી છે કે ઝાડના છાયા નીચે કોઇ પણ પાક કર્યો હોય તો તે સારો થતો નથી. તેનુ કારણ એકે ઝાડની છાયાને લીધે પાકને સૂર્યની ગરમી જોઇતી મળતી નથી તેમજ તે નીચેની જમીનનો ખોરાક ઝાડનાં મુળ વાટે ઝાડ લઇ લેછે. આવી રીતનો પરીણામ ફકત ઝાડ નીચેજ પાક કર્યો હોય ત્યારે થાય છે પણ ઝાડ જો ઘટતે અંતરે હોય તો તે ગુણ કર્તા થઇ પડેછે. ખેતરની વાડમાં આવેલાં ઝાડ ઉભા પાક ઉપર દક્ષિણ તથા પશ્ચિમ દીશાથી જોરને આવતા પવનને અટકાવે છે અને તેથી જુવાર, બાજરી જેવા ઉંચા વધતા છોડ પડી જતા નથી. ઝાડ વગર જમીન પરની હવા ઘણી ગરમ થઇ જવાથી છોડ ચીમળાઇ જાયછે પણ જો ઝાડવાળો પ્રદેશ હોય તો હવામાં ઠંડક રહેછે અને છોડ ઊપરની ઉની હવાને સમધારણ રાખે છે અને તેથી છોડ ચીમળાઇ જતા નથી. પરોક્ષ રીતે પણ ઝાડ પાકને ઊપયોગી થઇ પડેછે. ઝાડવગરના પ્રાંતોમાં ખેડુતોને કોઇ મોસમમાં કામ કરવું ઘણું મુસ્કેલ થઇ પડેછે અને તેથી મન દઇને કામ કરી શકતા નથી, કેમકે તેમને એ વેઠ રૂપ થઇ પડેછે ઉનાળામાં તો આવી જમીનમાં કામ થઇ શકતુંજ નથી અને થાય છે તો થોડોજ વખત, કેમકે ખેડુતને

આશાએશ લેવાનો ઠામ રહેતો નથી, બળદ વિગરે ઢોર પણ કામથી કંટાળે છે. ખેતરનું કામ છેક અકારૂં થઇ પડેછે. ચરોતરમાં બારે માસ ખેતનું કામ ચાલે છે તેમાં ઝાડ એ ઘણું મદદગાર થઇ પડે છે. એ ખેડુતનું સ્વભાવીક ઘર થાયછે. અને ઢોરને બપોરા ગાળવાને તથા ચારો ખાવાને આશ્રમ રૂપ થઇ પડે છે. સવારે તથા નમતે પહોરે તેઓ ખુશીથી કામ કરે છે. કુવા ઊપરનુ ઝાડ તે ખેડુતનું ખરૂં ઘર ગણાય છે કેમકે તે પોતાને ધોતા રાતેજ આવે છે અને પાછલી રાતથા માંડીને આખો દહાડો કુવા ઊપર ગાળે છે. ઉનાળે પણ એક ગામથી બીજે ગામ જતાં કુવા ઉપર ચાલતાં કોસનો વટેમાર્ગુને ધીરજ આપતો અવાજ તથા ખેડુતની ઊભરાઇ આવતી ગામઠી ગાયનની લહેરો સંભળાય છે ટુંકાણમાં કહીએ તો ઝાડવાળા દેશમાં ખેડુતો ખેતર ઊપર વરસના ઘણા દહાડા ગાળે છે અને ઝાડ વીનાના દેશના ખેડુતો કરતાં વધારે ઉદ્યોગી રહે છે. પાક પણ તેથી સારો થાય છે તે દેશની જમીન વારે ઘડીએ ઊથલાવાતી રહે છે કપાસ, તંબાકુ વીગરે કોઇ પણ જમીન જો ઘડીએ ઊથલાવાય તો પાક સારો થાય તથા તેમાં થતા રોગ પણ અટકે. આ રીતે જોતાં ઝાડ જાહીત રીતે પણ છોડને ઉપયોગી થઇ પડે છે. એક કવી કહે છે કે—

શીઆળે સોરઠ ભલો ઊનાળે ગુજરાત,
ચોમાસે ઇડર ભલો કછડો બારે માસ.

આ કવી કચ્છી હોવો જોઇએ કેમકે તેણે કચ્છનું વખાણ કરી તેને સોરઠ, ગુજરાત કે ઇડર ત્રણેથી સારો ગણ્યો છે. તોપણ તેણે ગુજરાતનો ઊનાળો વખાણ્યો તે યોગ્ય છે કેમકે ઝાડની ઘટાથી ઉનાળા સરખો અસહ્ય રૂતુ પણ ગુજરાતમાં આનંદકારી થઇ પડે છે. ગુજરાતનો શીયાળો કોઇ રીતે વખોડવા લાયક નથી તોપણ ગુજરાતનુ ચોમાસુ વખોડે તો વટેમાર્ગુને કાદવથી હરકત થાય તેને જ વાસ્તે. આ રીતે વખોડવામાં પણ વખાણ સમાયલું છે કેમકે ગુજરાતમાં વરસાદ વધારે એજ એ કવીની કહેવાની મતલબ હશે.

ઝાડથી થતા ફાયદા.

અત્યાર સુધીમાં મેં ઝાડની વરસાદ, જમીન, નવાણ, તથા પાક પર જે જે અસરો થાય છે તે દર્શાવી છે. કેટલાક માણસો એમ ધારે છે કે ઝાડ વાવવાથી એટલી ઊપજ થતી નથી કે જે તેટલી જ જમીનમાં કરેલા પાકની બરોબરી કરી શકે. આ પ્રમાણે બોલવું તંબાકુ કરવા લાયક ઉત્તમ જમીનમા ઘણે દરજ્જે ખરૂં પડે છે પણ બીજી જમીનને વાસ્તે તેમ નથી. ભાલમાં સરાસરીએ એક એકરે દસ કે બાર મણ ઘઊં થાય છે. તેની કીમત આપણે અરાઢ રૂપીઆ ગણીએ તો પાંચ વરસમાં નેવું રૂપીઆ થાય, હવે આપણે યાદ રાખવાનુછેકે ઝાડ કરવાં તો મારૂ કહેવુ એમ નથી કે ખેતરની વચ્ચે કરવાં પણ ખેતરની આસપાસ વાડમાં કરવાં તેથી કરીને વાડ પાસેની જમીન કે જે પાકના ઉપયોગની નથી તે પણ ખપ લાગે. એક બાવળ સરાસરીએ બસે ચોરસ ફુટ જગા રોકે તેમાંની સો ચોરસફુટ વાડ પાસેનીજાયતો બાકીની સો ચોરસફુટ પાકની જાય એ રીતે ગણતાં લગભગ ચારસેં બાવળ વાડમાં કર્યા હોય તો ૪૦૦૦૦ચોરસફુટ એટલે એક એકર જમીન પાકની જાય પાંચે વરસે એમાંથી બસેં બાવળ વેચીએ તો સો સવાસોની ઉપજ થાય એટલે દર વરસે વીશ કે પચીસ રૂપીઆ પડે. આ રીતે જોતાં ઝાડ વાવવાથી ઉપજમાં તફાવત નથી પડતો. આટલુ છતાં પણ જો ઊપજમાં એકરે પાંચ રૂપીઆ ઓછા આવતા હોય તોપણ ઝાડના સર્વે ફાયદા ધ્યાનમાં લેતાં એટલો તફાવત ગણવા લાયક નથી. ચરોતર જેવી ઊત્તમ જમીનમાં એ રીતનો ધંધો જો કે ઝાડ પાકની ઘણી જમીન રોકેછે તોપણ ઘણો ફાયદા કારક ગણાય તો વઢવાણથી લીમડી જતાં કવીશ્વર દલપતરામને પોતાની નાની ઊમરમાં જે દુઃખ પડયું હતું અને તેને વાસ્તે " બાપાની પીપળ " વીશે કવિતા જોડી તેનો ઊપકાર

માનવામાં આવ્યો હતો તેવા પ્રદેશમાં તો તે
ણાવો જોઇએ. બાવળને બદલે ઘણી સંભાળ લઇ આ
વામાં આવે તો ઘણું સારૂં પણ કાઠીઆવાડના ખેડુતો
એવી આશા રાખવી ફોકટ સમજવી, કેમકે એ દેશમાં
ભાળ રાખી પાણી પાઇ ઝાડ ઉછેરવાં એ મુશ્કેલ છે.

ઝાડની હવા ઉપર અસર—ઝાડી ઘણી હોય તો
હવા તંદુરસ્તીને તાવનો ઊપદ્રવ કરી નુકશાન કરે છે. પા
આછાં ઝાડ હોય તો તે હવાને સુધારેછે. કેમકે હવામાં કાર્બ
સીડ અથવા પ્રાણ ઘાતક વાયુ જે સઘળાં પ્રાણી ફેફસામાંથ
ર કહાડે છે તે વાયુનુ ઝાડ પૃથક્કરણ કરે છે અને તેમાંનો
(કોયલા જેના બને છે તે) નો ભાગ પોતાના શરીરના બંધ
ને વાસ્તે રાખી પ્રાણ વાયુ જે સઘળાં પ્રાણીને જરૂરનો છે
છુટો પાડે છે. રાત્રે એમ કહેવાય છે કે ઝાડ ઓકસીજન લઇ
બનીક એશીડ વાયુ બહાર કહાડે છે પણ એમ નથી ફકત જે કા-
બનીક એશીડ (પ્રાણ ઘાતક) વાયુ પૃથક્કરણ થયા વગરનો
જાય છે તેનેજ તે બહાર કહાડે છે પણ વાયુમાં ઝડપ
થઇ જવાનો ગુણ રહેલો છે તેથી આછાં આછાં ઝાડ હોય તો કો
ઇ પણ પ્રકારે તેનું પ્રમાણ એટલું નથી વધી જતું કે તેથી તંદુ-
રસ્તીને કંઇ પણ હરકત થાય તો ખેતરની વાડોમાં ઉછેરેલાં ઝાડ
ગામમાં રહેતા માણસની તંદુરસ્તીને તો નુકશાન કરેજ કયાંથી.
માટે એ પ્રકારનો તો ભય રહેતોજ નથી પણ દીવસે ખેતરમ
કામ કરતા માણસને ફાયદો તો સમજવો. વળી જે દેશમાં
થીહાતાં તે દેશના ખેડુતોની ચામડી ઝાડવાળા દેશના ખેડુ
મડી કરતાં વધારે કાળી હોય છે કેમકે તેમનેતાપમાં
શાએશ લેવાનું ઠેકાણું મળતું નથી. ખેતી
ઝાડનુ ઊપયોગીપણું જોઇએ છીએ કે
છેરવાથી પણ તેની ઊપજ પુ

ાલમાથી છે અને તે તે રાજયના ક્ષેત્રફળના પ્રમાણમાં
ી. આટલું છતાં સઘળી ખેડમાં આવેલી જમીનપર જં
એ ફાયદાકારક નથી. જેને કોઇ ન પરણે તેને ક્ષેત્ર
! તેમ જ્યાં કંઇપણ પાક ન થતો હોય એવી જમીન પણ
લને વાસ્તે ન લાયક ગણાતી નથી. જે જમીનનું દળ
ા અને ખેતી પણ સારી થતી નથી તે જમીન જંગલના
લેવી જોઇએ. તેથી બળતણ તથા સરસામાનને લાયક અને
ો લાકડાં પણ પુરાં પડે છે.

ઝાડનો ખાતર તરીકે ઉપયોગ.

થાણા જીલ્લામાં તથા દક્ષિણના બીજા ભાગમાં ઝાડની ડાખ
ખો તથા પાંદડાં બાળીને રાબ નામે તેનુ ખાતર કરવામાં આ
છે. આ રીતનુ ખાતર જમીનને નીરીંદ્રીય (ઇન ઓર્ગાનીક)
પદાર્થ પુરા પાડે છે, જમીનને પોચી કરે છે, ચીકણી જમીનની ચી
ગ દુર કરે છે. તથા છોડને મીઠાશ આપે છે, પણ આ રીતનું
. કરવામાં એ લોકો મોટી ભુલ કરેછે. ડાખળીઓ જે બરોબર
કોહી શકતી ન હોય તેને બાળે તેમાં હરકત નથી. પણ પાંદ
ડાંને તો કહોવરાવવાં જોઇએ. ડાખળીઓ ખાતર તરીકે બાળવામાં
આવે છે તે તેમાં રહેતા ફોસફોરસ, કંઇક ભાગ સલ્ફર (ગંધક)
પોટાશ, સોડા, તથા બીજાં નીરીંદ્રીય પદાર્થને વાસ્તે મસજવું પણ
પાંદડામાં એટલા ઊપયોગી નીરીન્દ્રીય પદાર્થ રહેતા નથી. પાનખર
બેસે છે એટલે પાંદડામાંના ઘણા ઊપયોગી નીરીંદ્રીય પદાર્થ
ઓના લાકડામાં જાયછે. માટે પાંદડાં તો તેના સેન્દ્રીય (ઓ-
વાસ્તે ખાતર તરીકે વાપરવા જોઇએ. આ સેન્દ્રીય
રહે છે. માટે તેમ ન કરતાં પાંદડાંને કહોવ
રવાં જોઇએ.